## સેકટર-૩/સીમાં મંગળવારે આનંદનો ગરબો

મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩/સીના શ્રીમતી મધુબેન કે. કડીકરના કંઠે સેકટર-૩/સી શક્તિચોક મંદિરમાં તા. ૧૫મી એપ્રિલ મંગળવારે મંજૂલાબેન પટેલને ત્યાં બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક સુધી ગરબા યોજાશે. પ્રફુલ્લાબેન ભાવસારે જણાવેલ છે.

## આજે સેકટર-૩/બીમાં આનંદનો ગરબો

શ્રીમતી ભાવનાબેન વિનોદકુમાર ગોકલાણી આયોજિત આનંદનો ગરબો તા. ૧૩મી એપ્રિલના રોજ શ્રીમતી સુશીલાબેન પટેલ પ્લોટ નં. ૨૯૩/૧, સેકટર-૩/બીમાં યોજાશે. ભાવિક ભક્તોએ લાભ લેવા જણાવેલ છે. પ્રફુલ્લાબેન બાબુલાલ ભાવસારે જણાવેલ છે.

## સોમવારે સે-૩/સીમાં આનંદનો ગરબો યોજાશે

સેકટર-૩/સી, પ્લોટ નં. ૬૬૫/૨ શ્રીમતી મંજુલાબેન પટેલના ત્યાં તા. ૧૪મી એપ્રિલના રોજ સાંજે ૮.૦૦ કલાકે આનંદનો ગરબો યોજાશે. પ્રફુલ્લાબેન ભાવસારે જણાવેલ છે.

## મુક્તિધામમાં મૂર્તિઓને પ્રસ્થાપિત કરવા દાન અપાયું

સેકટર-૩૦ મુક્તિધામ ખાતે દેવી દેવતાઓની ખંડીત થયેલી મૂર્તિઓને પ્રસ્થાપિત કરવા સંસ્થાઓને અપિલ કરવામાં આવી હતી. ત્યારે મુક્તરાજ સંતશ્રી જાગાસ્વામીની આરસની મૂર્તિ માટે મહેન્દ્ર કે. ચૌહાણ રૂપાલા પરિવાર દ્વારા રૂ. ૧૧૧૧ ફાળો આપશે અને તેમણે અન્ય સમાજના અગ્રણીઓને અપિલ કરી છે કે ખંડીત થયેલ અન્ય દેવી દેવતાઓની પ્રતિમા માટે ઉદાર હાથે દાન આપે.

# અપહરણ કરીને મધ્યપ્રદેશ લઈ જઈ કિશોરી પર બળાત્કાર

### કોબામાં રહેતો શખ્સ બાઈક પર કિશોરીને ઉઠાવી ગયો ને અમદાવાદ રેલવે સ્ટેશન ઉભેલા મિત્રને સોંપી દીધી હતી : પોલીસ આરોપીને એમ.પી.થી ઉઠાવી લાવી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર પાસે આવેલા કુડાસણ ગામ ના એક શખ્સે જુના કોબા રહેતા તેના મિત્રની મદદ થી એક કિશોરીનું અપહરણ કરી અમદાવાદ રેલ્વે સ્ટેશન લઈ ગયો હતો.ત્યાંથી ટ્રેન માં મધ્ય-દેશ લઈ જઈ ને કિશોરી પર બળાત્કાર ગુજારાયો હોવાની ફરિયાદ કિશોરીની માતા એ સે.૭ પોલીસ મથકે નોંધાવતા લોકેશન ટ્રેસ કરીને ગઈ રાતે પોલીસે મધ્ય-દેશ જઈ એક શખ્સ ની ધરપકડ કરી લીધી છે.મદદગારી માં સંડોવાયેલા શખ્સ ની શોધખોળ પણ પોલીસે આરંભી છે.

મળતી માહિતી મુજબ શહેર ને અડી ને આવેલા એક ગામ માં રહેતી ૧૭ વર્ષ ની કિશોરી ને ૧ એન્લિ ના રોજ મોડી સાંજે ઘરે થી બાઈક પર એક શખ્સ ઉઠાવી ગયો હતો.આ અંગે કિશોરી ની માતા એ સે.૭ પોલીસ સ્ટેશન માં ફરિયાદ આપી હતી.આરોપી ની મોબાઈલ ડીટેઈલ લઈ નંબર ટ્રેસ કરતા મધ્ય-દેશ ના એક ગામ નું લોકેશન મળ્યું હતું.સે.૭ પોલીસ મથક ના પી.એસ.આઈ વી.યુ.ગડરિયા તથા તેમની ટીમ ના જમાદાર જયદીપસિંહ એ ગઈ કાલે મધ્ય-દેશ થી અપહરણ ના મુખ્ય સુત્રધાર ને પકડી પડ્યો છે.કુડાસણ નો સખ્સ રવિ રાજુજી ઠાકોર ની પોલીસે ધરપકડ કરીને પુછતાછ કરતા બહાર આવ્યું છે કે તેના મિત્ર સુનીલ રાવલ રહે.જુના કોબા ને તેણે અપહરણ કરવા મોકલ્યો હતો.તેનો મિત્ર કિશોરી ને ઉપાડી ને અમદાવાદ રેલ્વે સ્ટેશન લઈને આવ્યો જયાં તે ઉભો હતો.ત્યાંથી તે કિશોરી ને ઉપાડી ને ટ્રેન માં બેસાડી એમ.પી લઈ ગયો હતો અને શારીરિક સંબંધો બાંધ્યા હતા.મદદગારી કરનાર સુનીલ ની શોધખોળ ચાલી રહી છે.કિશોરી ની માતા ની ફરિયાદ ને આધારે બળાત્કાર અને મદદગારી તથા અપહરણ ના ગુના ને આધારે ડી તપાસ ચાલી રહી છે.

# માણસા-પેથાપુરમાં એસ.ઓ.જી.નો સપાટો

### સિનેમાગૃહમાં કેમેરા ન લગાડનાર માલિક સામે ગુનો દાખલ : ૪ મકાન ભાડુઆત અને ૨ સીમ કાર્ડ દસ્તાવેજના કેસ કર્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જીલ્લાના માણસા તથા પેથાપુર પંથક માં એસ.ઓ.જી ની ટીમે ઠેર ઠેર ચેકિંગ હાથ ધરીને વિવિધ સ્થળે દરોડા પડ્યા છે.જેમાં પેથાપુર ખાતે મકાન ભાડે આપ્યા બાદ ભાડુઆત ની જાણ ન કરનાર ૪ મકાન માલિક સામે જાહેરનામાં ભંગ બદલ ગુનો દાખલ કર્યો છે,જયારે માણસા વિસ્તાર માં એક સિનેમાગૃહ માં સી.સી.ટી.વી કેમેરા ન લગાડવા બદલ તેના માલિક સામે કાર્યવાહી કરવામાં આવી છે.તે ઉપરાંત સીમ કાર્ડ વેચીને તેના રેકોર્ડ ન નિભાવનાર બે મોબાઈલ શોપ ના માલિક સામે પણ ગુનો દાખલ કરી પેથાપુર અને માણસા માં સપાટો બોલાવી દીધો છે.

ગાંધીનગર એસ.ઓ.જી પી.આઈ જે.ડી.બ્રહ્મભટ્ટ ની સુચના થી ટીમ ના ગૌતમભાઈ,હિંમતસિંહ સહીત ના માણસો એ પેથાપુર અને માણસા વિસ્તાર માં અલગ અલગ સ્થળે ચકાસણી હાથ ધરી હતી.પેથાપુર માં કરેલા ચેકિંગ પૈકી ૪ મકાન એવા જણાઈ આવ્યા હતા જે ભાડે આપી દેવાયેલા છે પરંતુ જીલ્લા કલેકટર ના જાહેરનામા મુજબ સ્થાનિક પોલીસ મથકે ભાડુઆત ની જાણ કરવામાં આવી નથી.તે ચારેય મકાન માલિકો સામે જાહેરનામાં ભંગ બદલ ગુનો દાખલ કરી કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવી છે.તે ઉપરાંત માણસા માં ચાલતા હોલીવુડ સિનેમાગૃહ માં અંદર અને બહાર તથા ટીકીટ બારી એ અને પાર્કિંગ માં કયાય સી.સી.ટી.વી કેમેરા લગાડ્યા ન હોવાનું ધ્યાને આવતા તેની માલિક જયવંતીબેન ભીમાણી સામે ગુનો દાખલ કર્યો છે.સીમ કાર્ડ વેચ્યા બાદ રજીસ્ટર નિભાવણી ન કરતા બે મોબાઈલ શોપ ના માલિકો સામે પણ માણસા માં ગુનો દાખલ કરી એસ.ઓ.જી ની ટીમે સપાટો બોલાવ્યો છે.

## રાજયમાં મહિલાઓના અપહરણના કિસ્સાઓ બમણા થયા

ગાંધીનગર, તા.૧૨

રાજયમાં ગુડ ગવર્નન્સના નારાઓ વચ્ચે આમ ગુજરાતી મહિલાઓના અપહરણના કિસ્સાઓ બમણા થયા છે. અને દલિત મહિલાઓ પર થતા બળાત્કારોના પ્રમાણમાં ૬૩ ટકાનો વધારો થયો છે તેમ બુનિયાદી અધિકાર આંદોલન પહેલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

રાજય સરકારના ધી સ્ટેટ ડોકયુમેન્ટ ઓફ હ્યુમન ટ્રાફિકિંગ ઈન ગુજરાતના આંકડા જણાવે છે કે ૨૦૦૬ થી ૨૦૧૧ દરમિયાન ૪૭૦૫૨ વ્યકિતઓ લાપતા થઈ હતી. જે રાજયની પોલિસની નિષ્ક્રિયતા દર્શાવે છે. ત્યારે સરકારી મહિલાઓ પર અત્યાચારો નિવારવા જરુરી પગલા ભરવાં જોઈએ.




ગાંધીનગર મ.ન.પા. દ્વારા 'સ્વાગત' દર્શાવતા સાઈન બોર્ડ કોર્પોરેશન (એમ.એસ. બિલ્ડીંગ)હાઉસ ખાતે મુકવામાં આવ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## દુઃખ દુર કરવાનું કહી દાગીના પડાવતી ગેંગ આખરે ઝડપાઈ

અમદાવાદ, તા.૧૨

માતાજીના નામે ચોખા જોઈ ઉપાય બતાવી દુઃખો દુર કરવાનું જણાવી સોના-ચાંદીના દાગીના પડાવી લેતી ગેંગના ત્રણ સભ્યોની અમદાવાદ ક્રાઈમબ્રાન્ચે ધરપકડ કરી છે. પોલીસે શહેરમાં પેટ્રોલીંગ દરમ્યાન ખોખરા સર્કલ પાસેથી હેમંત જીવણભાઈ જોગી, આશાબેન હેમંતભાઈ જોગી તથા સુખારામ ઉર્ફે ધમો રામાભાઈ સલાટ પાસેથી રૂા. ૧,૩૪,૭૧૪ની કિંમતના સોના-ચાંદીના દાગીના કબ્જે કર્યા છે. આ ત્રણેય આરોપી ભેગા મળી કોઈ સોસાયટીમાં જઈને મધ્યમ કે ગરીબ વર્ગની બહેનોને કોઈને કોઈ દુઃખો દુર કરવાના બહાને ઘરમાં જઈ તેને માતાજીના નામે દુઃખો દુર કરવાની વાત કરી ભોળવીને ચોખા જોઈ અન ઈલાજ કરી આપે છે તેમ કહી બહેનને ભોળવી તેમના દાગીના ઉતરાવી પડીકુ બનાવડાવી તે નજર ચુકવી દાગીનાનું પડીકુ લઈ જતી રહે છે. આરોપીઓએ ભેગા મળી મોટેરા આશારામ આશ્રમના દરવાજા પાસે અગરબત્તી દિવાની દુકાન ધરાવતી બહેનને, ચાંગોદરમાં ચાની લારી ચલાવતી બહેનેન, રામોલ જામફળ વાડીમાં એખ બહેનને, ખોખરામાં બ્યુટી પાર્લર ચલાવતી બહેનને, ગોમતીપુરમાં બ્લાઉઝ સીવવાનું કામ કરતી બહેનને તથા ઓઢવ વિસ્તારમાં એક બહેનને માતાજીના નામે ચોખા જોવાનું કહી છેતરીને દાગીના મેળવીને વેચવા જતાં પોલીસે તેમને ઝડપી પાડ્યા છે.

# પરિણિતાને ભરણપોષણ પેટે ૮ હજાર ચુકવવા કોર્ટનો આદેશ

### બે બાળકોની માતાને શારિરીક-માનસિક ત્રાસ આપી પતિએ ઘરેથી કાઢી મુકી હતી

ગાંધીનગર, તા.૧૨

પરિણિતાને શારિરીક-માનસિક ત્રાસ આપી ઘરેથી કાઢી મુકવાના કેસમાં તેણીને પ્રતિમાસ ભરણપોષણ પેટે રૂ. ૮ હજાર ચુકવવા કોર્ટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સે-૨૪માં ઈન્દિરાનગર ખાતે રહેતા ગૌરીબેન રાવળના લગ્ન તા. ૨૧ એપ્રિલ વર્ષ ૨૦૦૩ દરમિયાન અમદાવાદ બાપુનગરના રહેવાસી ધર્મેશ મણીભાઈ રાવળ સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેઓને ત્યાં પુત્ર અને પુત્રીનો જન્મ થયો હતો. સંયુકત કુટુંબમાં લગ્નજીવન વીતાવતા ગૌરીબેનને તેમના સાસરીયાઓ દ્વારા શારિરીક-માનસિક ત્રાસ આપી અવારનવાર દહેજની માંગણી કરવામાં આવતી હતી. પરિણિતાને ત્રાસ આપતા સાસરીયાઓ દ્વારા તેણીને ઘરેથી કાઢી મુકવામાં આવી હતી. જેના પરિણામે પરિણિતાએ પોતાના તેમજ બાળકોના ભરણપોષણની રકમ મેળવા ગાંધીનગરની ફેમિલી કોર્ટમાં વકીલ એસ.બી. રાઠોડ મારફતે અરજી કરી હતી. આ કેસ કોર્ટમાં ચાલી જતા જજ ડી.ટી. સોનીએ પરિણિતાને ભરણપોષણ પેટે પ્રતિમાસ રૂ. ૮ હજાર ચુકવવાનો હુકમ કર્યો છે. જેમાં બંને બાળકોના ભરણપોષણ માટે પણ રૂ. ૪ હજાર ચુકવવા કોર્ટે આદેશ કર્યો છે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ ધામધૂમથી ઉજવાશે

ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૩મી જન્મજયંતિ સોમવારે ૧૪મી એપ્રિલે ઉજવણી કરવાનું આયોજન ડૉ. આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિએ કરેલ છે. સવારે ૮.૩૦ કલાકે પ્રેરણાભૂમિ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી કાર્યક્રમની શરૂઆત થશે. વકૃતત્વ સ્પર્ધા યોજાશે. ઈનામોનું વિતરણ કરવામાં આવશે. રાષ્ટ્રીય હિતરક્ષકદળના સંયુક્ત ઉપક્રમે વ્યસનમુક્તિ યુવારેલી યોજાશે. સવારે ૮.૦૦ કલાકે ઘ-૦થી પ્રસ્થાન થશે ડૉ. આંબેડકરની પ્રતિમા પાસે સભામાં ફેરવાશે. પ્રમુખ પ્રવીણભાઈ શ્રીમાળીએ જણાવેલ છે.

# બસોબ્યાસી વણકર સમાજ અને જિલ્લા દલિત સેના ડૉ. બાબાસાહેબને પુષ્પાંજલિ અર્પણ કરશે

ગાંધીનગર, તા. ૧૨

ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૨૩મી જન્મ જયંતિની ઉજવણી શહેરની શ્રી ગાંધીનગર વસાહતી બસોબ્યાસી વણકર સમાજ ટ્રસ્ટ અને ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા તા. ૧૪ એપ્રિલના રોજ કરવામાં આવશે.

શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ ડૉ. આંબેડકરની જન્મજયંતિની અલગ-અલગ રીતે ઉજવણી કરશે. ત્યારે વસાહતી બસોબ્યાસી વણકર સમાજ દ્વારા ગાંધીનગર ખાતે આવેલી પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે. તેમ સંસ્થાના પ્રમુખ મધુકર પરમારે જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા તા. ૧૪ એપ્રિલ સવારે ૮.૦૦ વાગે પ્રમુખ બાલુભાઈ મેસરવાલાની આગેવાનીમાં ઘ-૪ સર્કલથી રેલી કાઢવામાં આવશે. રેલી ચ-૪, ડૉ. આંબેડકરની પ્રતિમા પાસે પહોંચશે. ત્યારબાદ પુષ્પાંજલિ અર્પણ કરશે.

તેમણે જણાવ્યું હતું કે બાબાસાહેબના ભગીરથ પુરૂષાર્થના કારણે બંધારણમાં હક્ક, અધિકારો અને રાજકીય લાભો ભોગવી રહ્યા છીએ ત્યારે તેમના પ્રત્યે ઋણ ઉદા કરવુ જોઈએ અને રેલીમાં જોડાવુ જોઈએ. તેમણે સમાજના વડીલો બહેનો, યુવાનોને રેલીમાં જોડાવા અપીલ કરી છે.

## હનુમાન જયંતિએ નાગરવેલ હનુમાન મંદિરે ૧૧૦૦૦ દિવડાઓથી મહાઆરતી કરાશે

### હનુમાન જયંતિ નિમિત્તે જન્મોત્સવ, છપ્પભોગ અને મારૂતિ મહાયજ્ઞ યોજાશે

અમદાવાદ, તા.૧૨

અમદાવાદના અમરાઈવાડી રખિયાલ રોડ પર આવેલ અતિ પ્રાચીન શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે તા. ૧૫મી એપ્રિલ મંગળવારે હનુમાન જયંતિ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોમાં હનુમાનજી જન્મોત્સવ, છપ્પભોગ, અન્નકૂટ, મારૂતિ મહાયજ્ઞ અને મહાઆરતી સહિત સુંદરકાંડના પાઠનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ૧૧૦૦૦ દિવડાઓ દ્વારા રાત્રે ૮ વાગે ભવ્ય મહાઆરતી કરવામાં આવશે.



અતિ પ્રાચીન અને સ્વયંભૂ નાગરવેલ હનુમાન મંદિર વર્ષોથી લોકોમાં ખૂબ આસ્થા અને ભકિતનું કેન્દ્ર બનેલ છે. એક વાયકા મુજબ અહેમદશાહ બાદશાહે અમદાવાદ નગરની સુરક્ષા માટે શહેરની ચારે તરફ કોટ અને દરવાજાનું નિર્માણ હાથ ધર્યું હતું. પરંતુ મજુરો દિવસે કોટ બનાવતા હતા તે રાત્રે જમીનદોસ્ત થઈ જતો હતો. ત્યારબાદ ભદ્રકાળી માતાએ બાદશાહના સપનામાં આવીને નગરની મધ્યમાં તેમના મંદિરનું નિર્માણ અને ચારે દિશાઓમાં આવેલ હનુમાનજીના મંદિરોની પુજા કરવાનું કહેતા બાદશાહે તેમ કરતા કોટ સલામત રહ્યા હતા. આ ચારમાં એક નાગરવેલ ના હનુમાનજીનું મંદિર હતું. આ મંદિરની આસપાસ ખૂબ મોટા પ્રમાણમાં નાગરવેલ ઉગી હોવાથી ભકતોએ આ મંદિરને નાગરવેલના હનુમાનથી ઓળખવાનું ચાલુ કર્યું હતું.

હનુમાન જયંતિના દિવસ સવારે ૬-૦ વાગે હનુમાનદાદાની આરતી અને ત્રિયંજન બાદ ૮ વાગે મંદિર ધ્વજારોહણ, ૯ થી ૧૨ સુંદરકાંઠનો પાઠ, ૮ વાગે મંદિર ધ્વજારોહણ, ૯ થી ૧૨ સુંદરકાંઠનો પાઠ, બપોરે ૧૨ થી ૧ હનુમાન જન્મોત્સવ ઉજવાશે જેમાં ભજન કિર્તન સહિત છપ્પનભોગ અન્નકૂટ ધરાવાશે. બપોરે ૧ થી ૪ દરમિયાન મહાપ્રસાદી વિતરણનો ભંડાર યોજાશે અને સાંજે ૪ વાગે મારૂતિ યજ્ઞ તેમજ સાંજે ૭ વાગે જુદી જુદી ભજન મંડળીઓ દ્વારા ભજન સંધ્યા યોજાશે. રાત્રે ૮ વાગે નાગરવેલ હનુમાનદાદાની ભવ્ય મહાઆરતી યોજાશે. જેમાં ૧૧૦૦૦ દિવડાઓથી દાદાની આરતી ઉતારવામાં આવશે. આ પ્રસંગે ભકતો મોટી સંખ્યામાં ઉમટી પડશે અને દાદાના દર્શનનો લાભ લેશે.

## ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજ વિકાસમંચ સમૂહ લગ્નોત્સવ યોજાશે

### ગાંધીનગરના બોરીજ અને મહેસાણાના શાહુપુરા ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના બોરીજ ગામમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજ વિકાસ મંચ દ્વારા પ્રથમ સમૂહ લગ્નોત્સવ અને મહેસાણા જિલ્લાના શાહુપુરા ખાતે ૧૪મો સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવશે. ગાંધીનગર શહેરની પાસેના બોરીજ ગામ ખાતે તા. ૯-મે, શુક્રવારના રોજ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજ વિકાસ મંચ આયોજીત ઠાકોર સમાજનો પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાશે.

તેમજ મહેસાણા જિલ્લાના શાહુપુરા(તારંગા) ખાતે તા. ૧૧, મે રવિવારના રોજ ઠાકોર સમાજનો ૧૪મો સમૂહ લગ્નોત્સવ યોજાશે. સમગ્ર ગુજરાતના ઠાકોર સમાજના દિકરા-દિકરીઓને એક જ માંડવે લગ્નનો તાંતણે બંધાશે. આ બન્ને સમૂહ લગ્નોત્સવમાં જોડાવા ઈચ્છતા યુગલોએ લગ્નની નોંધણી વિનોદ ઠાકોર, બોરીજ - ૯૩૭૪૬-૯૯૫૩૭, અશોક મકવાણા - ઈન્દ્રોડા - ૯૮૭૯૭-૪૩૪૦૭, દિવાનજી ઠાકોર ફતેપુરા - ૯૮૨૪૩-૮૦૪૭૧, નરેશ ઠાકોર, સેક્ટર-૬ - ૯૮૨૪૦૦૧૮૮૨ અને મહેશ ઠાકોર બોરીજ - ૯૯૦૯૧-૯૪૧૯૫ પર સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

## એમ.એ.સી.ટી. બાર એસોસિએશનના હોદેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર મોટર એકિસડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ બાર એસોસિએશનની સાધારણ સભા ગઈ તા. ૪ એપ્રિલના રોજ હોટલ સ્વાગત ખાતે મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૪-૧૫ માટે હોદેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે ગીતેશભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે એ.વી. રાઠોડ, માનદમંત્રી તરીકે જીતેન્દ્રભાઈ પરીખ, સહમંત્રી તરીકે જીતેન્દ્રભાઈ આસોડિયા, મહિલા પ્રતિનિધિ તરીકે (એલ.આર.) બિરવા જોષી અને કારોબારી સભ્યોમાં પ્રશાંતભાઈ રાવલ, જીતેન્દ્ર ચૌહાણ, મહેન્દ્રસિંહ સોલકી, મહેન્દ્રસિંહ વાઘેલા, પરેશ પરમાર અને દક્ષા પરમારની વરણી કરવામાં આવી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫
સૂર્યાસ્ત : ૬.૫૬

## તાપમાન

મહત્તમ : ૩૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૦.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૭ ટકા ● સાંજે ૨૦ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૨.૩૦,૩.૩૦, ૧૦.૦૦
મે તેરા હીરો : ૬.૪૫
: સ્ક્રીન-૨ :
રીઓ-૨ (અંગ્રેજી)૩ડી : ૧.૦૦, ૩.૧૫, ૮.૦૦
કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૫.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
મે તેરા હીરો : ૧૦.૦૦, ૧.૩૦
જલ : ૪.૦૦ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦
કવીન : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૦૦, ૬.૩૦
મે તેરા હીરો : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રીઓ-૨ (હિન્દી) ૩ડી : ૯.૩૫, ૧૨.૦૦, ૫.૨૫, ૭.૫૦
કેપ્ટન અમેરિકા (હિન્દી) : ૨.૨૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૦૦,૧.૦૦, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
ભૂતનાથ રીર્ટન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૧૫, ૯.૩૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ભૂતનાથ રીર્ટન : ૯.૪૫, ૩.૪૫, ૯.૪૫
મે તેરા હીરો : ૧૨.૪૫, ૬.૪૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રીતના પારખાં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

શ્રીમતી ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો બપોરે પ્લોટ નં. ૨૯૩/૧, સેકટર-૩/બી શ્રીમતી સુશીલાબેન પટેલના નિવાસ સ્થાને યોજાશે.

## આપની આજ

**મેષ** : સામાજિકક્ષેત્રે પ્રગતિકારક કાર્ય થઈ શકશે. મિત્રો સાથે પ્રવાસનું આયોજન થશે. વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. આર્થિક સ્થિતિ સારી રહેશે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**વૃષભ** : આપના પ્રયાસોથી ઉન્નતિ માર્ગ મોકળો થશે. કૌટુંબિક મતભેદ દૂર થઈ શકશે. આનાયાસ જ ધન લાભ થશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે.

**સિંહ** : સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યાઓ છતાં કાર્ય થશે. સાહસનો લાભ મળી શકશે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : પ્રતિસ્પર્ધામાં વિજય થશે. જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. કૌટુંબિક ચિંતા દૂર થશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર ધ્યાન આપવું પડશે.

**વૃશ્ચિક** : પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે.

**ધન** : વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે.

**કુંભ** : ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી.

**મીન** : ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું. આર્થિક કાર્યોમાં સફળતા. સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે.